સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પ્રચારે માર્યા ફાંકા હવે સચ્ચાઇ જોવાઇ ગઇ,
થ્રી-ડીમાં ઉપસી હતી એ તસ્વીર ખોવાઇ ગઇ,
વિંયાઇ ગઇ વગડે, દોવાઇ ગઇ ગાય મૂલ્યોની -
પક્ષના કરતૂતથી એની જીભ સિવાઇ ગઇ..!!
(મૌનેન્દ્ર મોદી)

ફોડ્યો છે બોંબ
નાખ્યું બળતામાં ઘી -
શાન્તાકુમારે..
(કોઇ ન પોંચે એને પોંચે પેટ)

કર્યાં નાટક!
પ્રવેશ-ગુણોત્સવનાં -
પડ્યો પરદો..
(ફરી ગ્યું પાણી)

ચિંતન

મૂર્ખો હિ જલ્પતાં પુંસા શ્રુત્વા વાચઃ શુભાશુભાઃ ।
અશુભં વાક્યમા દત્તે પરીષમિવ સુકરઃ ॥

'જેમ ડુક્કર-ભૂંડ સારી વસ્તુ ને છોડી દઇને વિષ્ટા અને ત્યાજ્ય વસ્તુઓને જ ગ્રહણ કરે છે તેમ મૂર્ખ માણસ બોલનારની વાણીમાંથી શુભ અને અશુભ બંને તત્ત્વો હોવા છતાં પણ તે તો માત્ર અશુભ વિચારોને જ ગ્રહણ કરે છે.'

પુસ્તક હોય-વ્યાખ્યાન હોય એમાં સારી વસ્તુ સમજાવવાને માટે ઘણીવાર પ્રથમ નકાર વાચક દૃષ્ટાંત આપી પછી સારી વસ્તુ શા માટે અપનાવવી જોઇએ એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ ઓછું સમજનાર-અજ્ઞાની એ નકારવાચક બાબતને જ 'આધારભૂત' બનાવી 'આ પુસ્તકમાં લખ્યું છે' કે સ્વામીજી આવું કહેતા હતા એમ કહી જે ત્યાજ્ય અને ન કરવાનું કહેવામાં આવ્યું હોય તે જ કરે છે.

આ વાત સમજાવવા અહીં ભૂંડનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. કાગડો-સમડી વગેરે ઉપરથી સારું નિરીક્ષણ કરી શકે છે પણ એમની નજર સદાય 'વિષ્ટા' ખરાબ ખોરાક જ શોધે છે.

સુવિચાર

- સંભળાવવું સહેલું છે, સાંભળવું મુશ્કેલ છે - એસ. ભટ્ટાચાર્ય
- ભવિષ્ય ઘડવા માટે સ્વપ્ન જેવું શ્રેષ્ઠ ઓજાર બીજું એકેય નથી - ડો. કલામ
- કોઇ કોઇ વાર મૌન રહેવું એ જ બહુ તીખી આલોચના હોય છે - સરદાર પટેલ
- બધુય આપે છે દુનિયાના લોક પણ... ખરચેલ શ્વાસ પાછા કોઇ આપતું નથી - જનકલ્યાણ
- આચરણથી આચાર્ય પદ મળે છે નહીં કે આસનથી, પાવિત્ર્યથી માણસ પૂજ્ય બને છે નહીં કે પ્રપંચથી - હરીભાઇ કોઠારી
- માનવીય અભિગમ સાથે સમાજનો સર્વાંગી વિકાસ ને પ્રોત્સાહન આપે એ જ સાચું રાજકારણ કહેવાય - જયપ્રકાશ નારાયણ
- ક્ષમા વિના પ્રેમ સંભવી શકતો નથી અને પ્રેમ વિના કોઇ ક્ષમા આપતું નથી - જૈન સૂત્ર

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

દેશદાઝ-રાષ્ટ્રપ્રેમ એ લોહીના સંસ્કાર છે, કુટુંબ પરિવારમાં 'રાષ્ટ્ર-ગૌરવ' નું મહત્ત્વ હોય તો બાળકોના મન-હૃદય-લોહીમાં પણ એ જ ખૂન્નસ વહેતું હોય છે.

ભગતસિંહનો સમગ્ર પરિવાર દેશપ્રેમી હતો. તેમના દાદા-પરિવારના દાદા-કાકાઓ પણ ક્રાંતિકારી હતા. સ્વાતંત્ર્ય સંગ્રામનું વાતાવરણ હતું. ભગતસિંહ હજુ કિશોર વયના જ હતા.

ભગતસિંહના પિતા પણ ક્રાંતિકારી જૂથ સાથે જોડાયેલાં હતા અને ઘરમાં અવારનવાર ગુપ્ત મિટીંગોની ચર્ચા થતી. ભગતસિંહ પણ આ સાંભળતા.

કૃપાલસિંગના મિત્ર નંદકુમાર મહેતા એકવાર મિત્ર કૃપાલને મળવા આવ્યા. કૃપાલસિંગ કહે ચાલ, આંબાવાડીમાં બેસી વાતો કરીએ.

આંબાવાડીમાં પહોંચ્યા. જોયું તો કિશોર ભગતસિંહ એક આંબા નીચે કંઇક ખોદકામ કરતો હતો. નંદકુમારને આશ્ચર્ય થયું. ત્યાં જઇ પૂછ્યું ભગત! તું એકલો આ આંબાવાડીમાં શું કરે છે? ભગતસિંહે ખાડા પર માટી ઢાંકતાં કહ્યું, કાકા! હું રાઇફલની ખેતી કરું છું. દેશને ગુલામીમાંથી મુક્ત કરવા રાઇફલ્સની ખેતી જરુરી છે. મેં અહીં બંદૂક વાવી છે.'

ભગતસિંહનો જવાબ સાંભળી પિતાની આંખમાં અશ્રુ ઉભરાયાં.

Email - sureshchandrabhatt18@gmail.com

કોંગ્રેસ-ભાજપ બેઉ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પડકારરૂપ

તંત્રી સ્થાનેથી....

આગામી મહિનાઓ દરમિયાન થનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તેમજ વિધાનસભા વિપક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે, એનાં આગોતરાં એંધાણ વરતાઇ રહ્યાં છે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ઘણી આનાકાનીને અંતે પક્ષ પ્રમુખનો હોદ્દો સંભાળ્યો ત્યાર પછી તેઓ એકે દિવસ જંપીને બેઠા નથી. કોંગ્રેસના કેન્દ્રીય મોવડીમંડળને એમની પાસેથી કંઇક નક્કર પરિણામ મળશે એવી અપેક્ષા છે. ખાસ તો ગત લોકસભાની ચૂંટણીમાં પાર્ટીનું સમૂળગું ધોવાણ થઇ ગયાં પછી એને મૃતઃપ્રાય સ્થિતિમાંથી ફરી બેઠી કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે, જે માટે હાઇકમાન્ડ પાસે ભરતસિંહ સોલંકી જ એક માત્ર વિકલ્પ હતા. ગુજરાતના જ વતની અને વર્ષો સુધી કેન્દ્રીય નેતાગીરીમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન ભોગવનારા રાજયસભાના સદસ્ય અહમદ પટેલ માટે મોદીની લોકપ્રિયતા બહુ મોટો પડકાર બનીને ઊપસી હતી. છેલ્લા ચૌદ વર્ષ દરમિયાન ગુજરાત પર મોદીનો જાદુ એ હદે છવાયેલો રહ્યો છે કે એથી ગુજરાતમાં બીજો કોઇ નેતા પણ હોઇ શકે, એ મુદ્દો જ અપ્રસ્તુત બની ગયો હતો. ભાજપના પાયાની ઇંટો જેવા વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસના ખેરખાંઓને હાંસિયે ધકેલી લઇ નરેન્દ્ર મોદી અત્ર-તત્ર-સર્વત્ર છવાઇ ગયા હતા. એમની સામે જેટલા પડકારો આવ્યા તે બધાને તકમાં ફેરવી દઇ નરેન્દ્ર મોદીએ અભૂતપૂર્વ ઐતિહાસિક વિક્રમ સ્થાપ્યો છે. પરંતુ હવે જયારે તેઓ દેશના વડાપ્રધાનપદે ચૂંટાયા છે અને છેલ્લા તેર મહિનાથી ગુજરાત બહાર છે ત્યારે એમની શુભેચ્છા ધરાવતાં મહિલા મુખ્યમંત્રી માટે નવા પડકારો સામે કામ પાડવાનું કેટલું અઘરું છે, તેની પ્રતીતિ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં થશે. આનંદીબેન પટેલ શરુથી જ પોતાની ક્ષમતા પરત્વે સભાન છે. એથી ભલે કેન્દ્રના ચારે હાથ હોય છતાં પોતે જરા પણ ઢીલાં કે નબળાં પડ્યાં છે, એવો ખ્યાલ પ્રજાને કે તંત્રને ન આવે એવી તેઓ બરાબર કાળજી રાખતાં રહ્યાં છે. મોદીના 'વાઇબ્રંટ ગુજરાત' જેવું જ 'ગતિશીલ ગુજરાત' આપીને એમણે મુખ્યમંત્રી પદ સંભાળ્યું છે. કન્યા શિક્ષણ, મહિલા સશક્તીકરણ અને પોતે ખેડૂતનાં દીકરી હોવાથી કૃષિલક્ષી કાર્યક્રમો ઉપરાંત એમણે કેટલાક ક્રાંતિકારી નિર્ણયો લઇ વિરોધીઓને પોતાની શક્તિનો પરચો બતાવી દીધો છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૫૦ ટકા મહિલા અનામત અને ફરજિયાત મતદાન જેવા નિર્ણયો એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. અદાલતના અભિપ્રાયને અવગણીને એમણે ફરજિયાત મતદાનનો વટહુકમ બહાર પાડી દીધો છે, જે હવે રાજયપાલની સહીમાં છે. પોતે એકલા હાથે દસ માણસો જેટલું કામ ખેંચી શકે છે એમ જણાવી એમણે વારંવાર એમના વિશે એમની જ પાર્ટીનાં વર્તુળો દ્વારા ફેલાવાતી કાલ્પનિક બાબતોનો રદિયો આપી દીધો છે. ખેડૂતની દીકરી હોવાને નાતે દાતરડું પણ ચલાવી જાણતાં હોવાનું કહી એમણે એકી સાથે કોંગ્રેસને અને ભાજપનાં ગણગણાટ કરતાં એમના 'વાલેશરી' આગેવાનોને આગામી ચૂંટણીઓ સંદર્ભે ખુલ્લો પડકાર ફેંક્યો છે. આ પડકાર કોંગ્રેસની નેતાગીરી માટે એક સુવર્ણ તક પર પુરવાર થઇ શકે, કારણ કે કેન્દ્રથી લઇ ગાંધીનગર સુધી ભાજપ અત્યારે ભયંકર 'સ્ટ્રેસ' - તનાવની સ્થિતિમાં છે.

જાહેર જીવનના મહારથી એવા મહાત્મા ગાંધીનું થોડુંક અંગત અંગત

જાહેર જીવનમાં વ્યક્તિગત અને સમૂહગત પ્રમાણિકતા જરુરી છે. ગાંધીએ સત્યાગ્રહની લડત દરમિયાન આ વિચારને હરહંમેશ પાળી બતાવ્યો હતો. જયારે જયારે જરુર પડી ત્યારે તેમણે દેશવાસીઓ પાસેથી ફંડફાળો ઉઘરાવ્યો હતો. આ ઉઘરાવેલા કે દાનમાં મેળવેલી રકમની પાઇ એ પાઇ કે આને આનાનો હિસાબ પણ તેઓ રજૂ કરતા હતા. કોઇ કાર્ય માટે મેળવાયેલા નાણાંનો હિસાબ તેઓ લેખિત સ્વરુપે જ સંબંધિતોને મિ. ગાંધી મોકલી આપતા હતા.

એક તરફ જાહેર જીવનમાં મલેલા નાણાંનો હિસાબ આપવાનું તેમનું વલણ તો બીજી તરફ જાહેર વાત છતાં કેટલીક બાબતો જેમને લાભ-સહાય મળે છે તેને જો તેમને મળતી સહાયની વિગત જાહેર થાય તો દુઃખ લાગે એ બાબત પણ તેઓ સમજતા હતા. આથી જેમની પાછળ ખર્ચ કરવાનો હોય તેમના નામ તેઓ દાતાક્ષીને લખેલાં પત્રમાં ઉલ્લેખતા હતા પરંતુ તેની ગુપ્તતા જાળવવાનું પણ સ્પષ્ટ કરતા હતા.



દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ કે જે દક્ષિણ આફ્રિકાની લડત સમયે સત્યાગ્રહ આશ્રમ તરીકે ઓળખ પામ્યો હતો તે આશ્રમની અંદર ઇન્ડિયન ઓપીનીયન ચાલતું હતું. આ આશ્રમની ૧૮૦ એકર મિ. ગાંધીએ ખરીદી હતી. (ગાંધીજીનો સત્યાગ્રહ સફળ કેમ થયો? એની ભટ્ટી મજાક કરવામાં આવે છે. ત્યારે એ અહીં નોંધવું રહ્યં કે ૧૦૦ એકર જમીન ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં જાતે - પોતે ખરીદી હતી!) તેમ છતાં તેઓ અંગત તેમને કર્યો ન હતો. અને લડત દરમિયાન તેનો કાનૂની અધિકાર પણ છોડી દીધો હતો તથા એ અધિકાર પાછળથી તેમણે આ મિલ્કત-ટ્રસ્ટનો સાર્વજનિક હેતુ માટે ઉપયોગ કરવા ટ્રસ્ટને સુપ્રદ કર્યો હતો એમ દક્ષિણ આફ્રિકી હિંદી ફંડના મંત્રી શ્રી જહાંગીર બમનજી પીટીટને તા. ૧૬ જુન ૧૯૧૫ના રોજ દક્ષિણ આફ્રિકાની લડતને લગતો ૩૧ જાન્યુઆરી, ૧૯૧૫, સુધીનો આવક જાવકનો હિસાબ રજૂ કરતાં પત્રમાં નોંધે છે.

પોતાની અંગત મિલ્કતને પણ કોમના લાભાર્થે અર્પણ કરનાર મહાત્મા ગાંધી પુનઃ જહાંગીર પીટીટને લખેલા તા. ૧૬ માર્ચ ૧૯૧૬ના પત્રમાં હિન્દુસ્તાનમાં સત્યાગ્રહના ખર્ચ પેટે રૂા. ૫૦૦ ના મલેલા ચેક બદલ તેમનો આભાર માનતા લખે છે કે ખર્ચની વિગતોનો આપે માગેલો હિસાબ બીડું છું. આ યાદી છેવટની નથી. દા.ત. વિધવાઓને કેટલીવાર મુસાફરીનું ખર્ચ આપવું પડે છે. જયારે જરુર જણાય ત્યારે આ ખર્ચ તેમને આપવામાં આવે છે.

આ પત્રમાં ઇમામ સાહેબ, મગનલાલ ગાંધી, મગનભાઇ પટેલ, સોરાબજી અડાજણિયા વગેરેના નામ ઉલ્લેખ સાથે જે સત્યાગ્રહીઓને માટે ખર્ચની કેવી વ્યવસ્થા કરી છે અથવા કરવાની થાય છે તેની માહિતી રજૂ કરે છે.

પત્રમાં અંતિમ ફકરામાં આ જાહેર જીવનનો અણિશુદ્ધ મહામાનવ લખે છે - "કહેવાની ભાગ્યે જ જરુર હોય કે હું આપને જે માહિતી આપી રહ્યો છું તે ગુપ્ત રાખવાની છે. જે સેવાભાવી સજ્જનો મારા આગ્રહથી મદદ સ્વીકારી રહ્યા છે તેમને અંગેની એ છે. અમારો નિયમ એવો રહ્યો છે કે જેઓ નિર્વાહને માટે પૈસા લે છે. તેમના નામ કદી જાહેર ન કરવા. થોડાક નિકટના સાથીઓ ઉપરાંત કેવળ એક ગોખલે જ આ મદદ વિષે જાણતા હતા. સમિતિ આ વાત જાણે તો મને વાંધો નથી. પરંતુ એ સિવાય આ વાત બહાર નહીં જવી જોઇએ."

હિન્દુ સંસ્કૃતિમાં જો કોઇ દાન કરે તો જમણાં હાથે આપેલી દાનની વાત ડાબા હાથને પણ જાણ ન થવી જોઇએ એવી માન્યતા છે. આ સાંસ્કૃતિક ગાંધીજીએ આખી જિંદગી જીવન ભાગની જેમ વણી લીધી હતી.

સંદર્ભ : જહાંગીર બમનજી પીટીટને પત્ર ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૩, પૃષ્ઠ : ૨૪૪

(લેખક - સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

આધુનિક રશિયાના નિર્માતા તરીકે કોણ ઓળખાય છે?

વિશ્વનો ઇતિહાસ

(૧) આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક ચિંતક કોને માનવામાં આવે છે?
(અ) મેકિયાવલી (બ) મોન્તેસ્ક
(ક) વોલ્ટેર (ડ) રૂસો

(૨) 'ધ લાસ્ટ જજમેન્ટ' કયાં ચિત્રકારની પ્રસિદ્ધ કૃતિ છે?
(અ) રાફેલ (બ) માઇકલ એન્જેલો
(ક) ત્રણેમાંથી એકેલ નહીં (ડ) લિયોનાર્ડો-દ-વિંચી

(૩) રાફેલ કયા દેશનો ચિત્રકાર હતો?
(અ) ઇટલી (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) રશિયા

(૪) બોસ્ટન ટી પાર્ટીની ઘટના કઇ ક્રાંતિ સાથે સંકળાયેલ છે?
(અ) રશિયાન ક્રાંતિ (બ) ફ્રાન્સ
(ક) કોરીયન ક્રાંતિ (ડ) અમેરિકન ક્રાંતિ

(૫) ઇંગ્લેન્ડમાં શરું થયેલ ધર્મ સુધારણા આંદોલનના પ્રવર્તક કોણ હતા?
(અ) જહોન વિકલિફ (બ) જેમ્સ પ્રથમ
(ક) માર્ટિન લ્યૂથર કિંગ (ડ) વોલ્તેર

(૬) 'સોશિયલ કોન્ટ્રાકટર' કોનું પુસ્તક છે?
(અ) મોન્તેન્ક (બ) રૂસો
(ક) જહન વિકલિફ (ડ) વોલ્તેર

(૭) 'બંધુતા, સમાનતા અને સ્તતંત્રતા' કઇ ક્રાન્તિની દેન છે?
(અ) ફ્રેન્ચ ક્રાંતિ (બ) રશિયન ક્રાંતિ
(ક) અમેરિકન ક્રાંતિ (ડ) જર્મન ક્રાંતિ

(૮) 'લિટલ કોર્પોરલ' તરીકે કોણ ઓળકાય છે?
(અ) વિસ્માર્ક (બ) નેપોલિયન
(ક) ગેલિબાલ્ડી (ડ) કાર્લ માર્ક્સ

(૯) વૈજ્ઞાનિક સમાજવાદના સર્જક તરીકે કોને ગણવામાં આવે છે?
(અ) ઝાર નિકોલસ દ્વિતિય (બ) રૂસો
(ક) કાર્લ માર્ક્સ (ડ) લેનિન

(૧૦) મેગ્નાકાર્ટાની શકવર્તી ઘટના સાથે કયો દેશ સંકળાયેલ છે?
(અ) ઇંગ્લેન્ડ (બ) રશિયા
(ક) ફ્રાન્સ (ડ) જર્મની

(૧૧) ઇંગ્લેન્ડમાં રક્તવિહીન ક્રાંતિ કયારે થઇ હતી?
(અ) ઇ.સ. ૧૬૮૮ (બ) ઇ.સ. ૧૭૮૮
(ક) ઇ.સ. ૧૮૫૭ (ડ) ઇ.સ. ૧૬૫૭

(૧૨) આધુનિક રશિયાના નિર્માતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) લેનિન (બ) સ્ટાલિન
(ક) કાર્લ માર્ક્સ (ડ) ગેરીબાલ્ડી

(૧૩) સમાજવાદ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો?
(અ) ગેરીબાલ્ડી (બ) બિસ્માર્ક
(ક) જોસેફ મેઝિની (ડ) રોબર્ટ ઓવન

(૧૪) ઇટાલીના એકીકરણની તલવાર કોણ ગણાય છે?
(અ) ગેલીબાલ્ડી (બ) જોસેફ મેઝિની
(ક) ઝાર (ડ) લેનિન

(૧૫) 'રેડ આર્મી' નું સંગઠન કોણે કર્યું હતું?
(અ) લેનિન (બ) સ્ટાલિન
(ક) ટ્રોટસ્કી (ડ) ઝાર નિકોલસ દ્વિતિય

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૪ જુલાઇ ૧૮૫૩ હેનરી-એલેક્ષઝેન્ડર ડેસલેન્ડર્સ-ફ્રેન્ચ ખગોળ, ભૌતિક વિજ્ઞાની, 'એસ્ટ્રોકેટ્રોહેલીઓ ગ્રાફ'ના શોધક
- ૨૪ જુલાઇ ૧૮૪૩ સર વિલિયમ ડે વિવેલેસ્વી એબેન - ઇંગ્લીશ ખગોળશાસ્ત્રી અને રસાયણશાસ્ત્રી
- ૨૫ જુલાઇ ૧૮૭૪ સર્જે વાસિવિલિચ લેબડેવ - રશિયન કેમીસ્ટ, સિન્થેટીક રબરના ઔદ્યોગિક ઉત્પાદન ટેકનીક વિકસાવનાર
- ૨૫ જુલાઇ ૧૮૬૧ એન્ડ્રયુ ક્વોપર લાવસન - કેનેડીયન - અમેરીકન જીઓલોજીસ્ટ, ૫૭ કરોડ વર્ષ પહેલાનાં 'પ્રેકામ્બીરીયન ચેક સ્ટ્રકચર' પર સંશોધન કરનાર
- ૨૬ જુલાઇ ૧૮૭૭ રુબેન લિયોન ખાન - અમરિકન ઇમ્યુનોલોજીસ્ટ 'બ્લ્ડ રીએકશન' પર સંસોધન કરનાર
- ૨૬ જુલાઇ ૧૮૭૫ કાર્લ જંગ - સ્વીઝ ભૌતિકશાસ્ત્રી અને સાયકોલોજીસ્ટ, વિટામીન પર સંશોધન કરનાર તથા 'એનાલીટીક્સ સાયકોલોજી' થિયરી આપનાર
- ૨૭ જુલાઇ ૧૮૮૧ હેન્સ ફીસર - જર્મન બાયોકેમીસ્ટ - ૧૯૩૦માં નોબલ પ્રાઇઝ વિજેતા, રેડ બલ્ડ પિગ્મેન્ટ એન કલોરોફિલ પર સંશોધન.
- ૨૭ જુલાઇ ૧૮૭૦ બેટોમ બી. બોલ્ટવુડ - અમેરીકન કેમીસ્ટ અને ભૌતિકશાસ્ત્રી, રેડિયોએક્ટીવીટી પર સંશોધન કરનાર
- ૨૮ જુલાઇ ૧૯૦૭ અર્લ એસ. ટુપર - અમેરીકન ઇન્વેસ્ટર 'ટપરબેર'ના શોધક
- ૨૯ જુલાઇ ૧૯૦૨ કાર્લ રેઇમુન્ડ પોપર - ઓસ્ટ્રેલિયન - બ્રિટીશ ફિલોસોફર અને વૈજ્ઞાનિક
- ૨૯ જુલાઇ ૧૮૯૮ આઇસ ડોર ઇસાક રાબી - ઓસ્ટ્રેલિયન અમેરીકન ભૌતિકશાત્રી, ૧૯૪૪માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૯ જુલાઇ ૧૮૯૮ એન્થેની જહોન માર્કેલ - ઇંગ્લીશ હિસ્ટોરીયન અને ઇજીપ્થોલોજીસ્ટ.
- ૩૦ જુલાઇ ૧૮૬૩ હેનરી ફોર્ડ, અમેરીકન ઓટોમોબાઇલ એન્જીનીયર અને સંશોધક, ઇન્ટર્નલ કમ્બલશન એન્જીનના શોધક
- ૩૦ જુલાઇ ૧૮૫૯ હેનરી લૂઇસ સ્મીથ - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, પ્રતમ એક્સ-રે - ફોટોગ્રાફીના શોધક

ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ઉ.પ્ર.સરકારના કયા ઉચ્ચ અધિકારીએ મુલાયમ સિંહની ધમકીને લીધે - કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે?

જવાબ : અમિતાભ ઠાકુર

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર (૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' - સે-૭ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૫) મુળુભા જે. મકવાણા : સે-૮ (૬) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક - ઇન્ફો.જુ.સા.કોલેજ
(૭) હાર્દિક મકવાણા

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

દિલ્હી મહિલા આયોગના કયા નેતાની નિમણૂકને રાજયપાલે ગેરબંધારણીય ગણી છે?

ગાંધીનગર સમાચાર
ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૫૬) ૫૯ (૯૬) ૬ (૬૬) ૫ (૮૬) ૫૯ (૬૬)
૫૯ (૦૬) ૬ (૭) ૫ (૭) ૫૯ (૭) ૬ (૩) ૬ (૫) ૬ (૯) ૫૯ (૬) ૫ (૮) ૫૯ (૬)

નિરાશાની વાત તો એ છે કે ગુજરાતમાં ઉકાઇ સિવાયની કોઇ પણ મોટી યોજના માટે વૈજ્ઞાનિક પદ્ધતિસરની આગોતરી પૂરપ્રવાહ અને જથ્થા અંગેની માહિતી વ્યવસ્થા નથી, ઉકાઇ યોજના માટેની માહિતી પદ્ધતિ પણ હવે જરીપુરાણી થઇ ગઇ છે અને તેની સમીક્ષા કરી સુધારવાની જરુરત છે

ફરીથી વિચારીશું?

- મહેન્દ્ર પુરોહિત

સામાન્ય માણસની સાદી સમજ હોય છે કે પોતાની પાસે કોઇ ચીજ તાત્કાલીક જરૂરિયાત કરતાં વધારે જથ્થામાં હોય તો તેણે ભવિષ્યની અનિશ્ચિતતા સામે રક્ષણ માટે સંગ્રહ કરી રાખે. આ કારણે તે નળનું પાણી આવે ત્યારે ટાંકી ભરી રાખે છે, ઋતુ ઋતુનું અનાજ ભરી રાખે છે, પોતાનો ને મિલ્કતનો વીમો ઉતરાવે છે.

આ જ રીતે ચોમાસામાં વધુ વરસાદ આવે ત્યારે બાકીના કોરા સમયની જરૂરિયાત તથા તેની અનિશ્ચિતિતાઓ સામે રક્ષણ માટે જળસંગ્રહ કરવા બંધો બાંધવામાં આવે છે અને તેનું કદ એટલું રાખવામાં આવે છે કે પછીથી આવનાર વર્ષના ચોમાસા સુધીની જરૂરિયાત અને તે ઉપરાંત આવતું ચોમાસું કદાચ મોડું પડે તો ત્યાં સુધીની વધારાની જરૂરિયાતનો સંગ્રહ કરી શકે. દરવાજાવાળા બંધથી પૂરનિયંત્રણ પણ કરી શકાય અને તેને માટે બંધને ખાલી અથવા અધભરેલો રાખવાની જરુર નથી. ઉપરવાસથી જળાશયમાં કેટલું પૂર આવી રહ્યું છે તેની આગોતરી માહિતી મળી શકે તેવી ટેક્નોલોજી હવે પ્રાપ્ત છે. ઉપરવાસના ક્ષેત્રના વિસ્તારને આધારે કેટલા કલાક પહેલાં આગોતરી માહિતી મળી શકે તે નક્કી થાય છે અને તે પ્રમાણે જળસંગ્રહનું સંચાલન બંધના દરવાજાના ઉપયોગ દ્વારા કરી શકાય છે. આમ બંધને અનિયંત્રિત રીતે ખાલી કરી દેવાની આવશ્યકતા હોતી નથી.

નિરાશાની વાત તો એ છે કે ગુજરાતમાં ઉકાઇ સિવાયની કોઇ પણ મોટી યોજના માટે વૈજ્ઞાનિક પદ્ધતિસરની આગોતરી પૂરપ્રવાહ અને જથ્થા અંગેની માહિતી વ્યવસ્થા નથી. ઉકાઇ યોજના માટેની માહિતી પદ્ધતિ પણ હવે જરીપુરાણી થઇ ગઇ છે અને તેની સમીક્ષા કરી સુધારવાની જરુરત છે.

આ પરિસ્થિતિમાં વધુ પડતો વરસાદ પડે એટલે રાજકીય અને વહીવટીતંત્રો બેબાકળાં બની દરવાજાવાળા બધા મોટા બંધોને ખાલી કરી મૂકે છે અને પછીથી આ વર્ષની માફક જો લાંબા સમય સુધી વરસાદ ન આવે તો બંધો ખાલી જ રહી જાય છે. નહેરોને માટે કે પીવાના ઉપયોગ માટે પણ પૂરતું પાણી નથી મળતું. આ વર્ષે પણ જૂનની અતિવૃષ્ટિ પછી છેલ્લા લગભગ એક માસથી વરસાદ નથી. ખેડૂતો કાગાડોળે રાહ જુએ છે અને જલવિદ્યુત કે સિંચાઇ માટે પાણી નથી.

તાંત્રિક સમસ્યાઓ સર્જાય ત્યારે શાસન ઉચ્ચ તજ્જ્ઞોની સમિતિઓ નીમે કે જેથી લોકોનો ઉહાપોહ શાંત. થાય. તલસ્પર્શી અભ્યાસ પછી સમિતિઓ પોતાની ભલામણો સાથેના અહેવાલ પ્રસ્તુત કરે છે. અહેવાલો સ્વીકારાય છે પણ પછી અભેરાઇને ચડાવી દેવાય છે. ભલામણોનો ભાગ્યે જ અમલ થાય છે.

કડી પાસેના નર્મદા નહેરના મોટા ભંગાણ પછી નિયામેલી સમિતિનો હું અધ્યક્ષ હતો. અમારે આખી લંબાઇની નહેરની મજબૂતાઇ અને સલામતી તપાસવાની હતી અને ભવિષ્યની તેની જાળવણી માટે અને તંત્ર, સંસાધનો, નિયમો વિષયે ભલામણો કરવાની હતી. અમે ખૂબ અભ્યાસ અને મહેનત પછી બે દળદાર ગ્રંથોમાં અહેવાલ પ્રસ્તુત કર્યો. તેનો સ્વીકાર થયો અને પ્રશંસા પણ થઇ. પરંતુ ભલામણોનો ભાગ્યે જ કશો અમલ થયો.

વર્ષ ૨૦૦૬ના તાપીના પૂર પછી નિમાયેલ સમિતિમાં સિનિયર સભ્યો તરીકે બે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ઇજનેરો અને હું હતા. તે સિવાય કેન્દ્ર સરકારના મુખ્ય ઇજનેરો અને એમને સહાયરુપ થવા રાજય સરકારના ઇજનેરો હતા.

ઇકાઇનું પૂર્ણ જળાશય સ્તર ૩૪૫ ફુટ એ ગણતરીથી નક્કી થયું હતું કે ગુજરાતના ભાગે આવેલ પાણીના જથ્થાનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય અને મહત્તમ સિંચાઇ, જળવિદ્યુત મળી શકે તથા આંશિક પૂરનિયંત્રણ થઇ શકે.

સુરતમાં તાપી કાંઠે અનિયંત્રિત આડેધડ બાંધકામ થયું હોવા છતાં અમારી સમિતિએ સુરતને તાપીના પાંચ લાખ ક્યુસેક (પ્રતિ સેકન્ડ એક ઘનફુટ) પ્રવાહ સુધી રક્ષણ આપવાનું લક્ષ્ય રાખ્યું.

ઉપરવાસથી મળનારી માહિતીના પ્રકાશમાં જળાશય સંચાલનનાં ગણિત અને નિયમો એ રીતે ગોઠવ્યાં કે ભૂતકાળમાં આવી ચુકેલાં મોટા પૂર જેવું કોઇ પણ પૂર આવે તો બંધને સલામત રાખીને જળાશયમાંથી હેઠવાસમાં પાંચ લાખ ક્યુસેકથી વધુ પ્રવાહ છોડવો ન પડે. આને માટે ૧લી જુલાઇથી ૧લી સપ્ટેમ્બર સુધી જળાશયને ૩૩૫ ફુટથી વધુ ઊંચે (પૂર સમયગાળા સિવાય) ન ભરવું અને ૧લી સપ્ટેમ્બર સુધી ૩૪૦ ફુટ તથા ૧લી ઓકટોબર સુધીમાં ૩૪૫ ફુટની પૂર્ણ સપાટીએ પહોંચવું તેવી ભલામણ કરી અને સંચાલનના વિસ્તૃત નિયમો આપ્યા.

આ ઉપરાંત કેન્દ્રીય જળ આયોગ, સુરત મહાનગરપાલિકા અને ગુજરાત રાજય સરકારે લેવાનાં પગલાં અંગેની ભલામણો તથા જરુરી સૂચનો પણ કર્યા.

એક ખાસ ભલામણ રાજયની બધી મોટી નદીઓ માટે તેમનાં પૂરથી પ્રભાવિત થઇ શકે તેવા ક્ષેત્રોમાં થતાં વિકાસનાં કે બીજાં બાંધકામોનાં નિતંત્રણ, નિયમન અને વ્યવસ્થાપન અંગેનો કાયદો કરવા બાબતનો હતો. સાગરતટ માટે આવો કાયદો અમલમાં જ છે. આ અભ્યાસપૂર્ણ ભલામણોમાંથી કોઇનો કશો જ અમલ ન થયો! ઉલટું ઓગસ્ટના અંત સુધી જળાશયની સપાટી ૩૩૦ ફુટથી વધુ વધવા ન દેવાનો નિર્ણય થયો. વર્ષોવર્ષ કાંપ ઠરતાં જળાશયની ઉપયોગી ક્ષમતા ઘટતી જાય છે. ત્યારે જળાશયને ખરા વરસાદી મહિનાઓમાં લગભગ અર્ધુ ખાલી રાખવાની યોજના મહદંશે સુરતના રક્ષણ માટેની પૂરનિયંત્રણ યોજના બની ગઇ છે. સિંચાઇ અને જળવિદ્યુતની ક્ષમતા મોટા અંશે ઘટી ગઇ છે. ખૂબ જ સસ્